# <u>ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર</u>

મંડળ દ્વારા વિવિધ તાંત્રિક સંવર્ગોની સીધી ભરતી માટેની પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંકઃ **(1) ૧૬૭/૨૦૧૮૧૯-** સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (મિકેનીકલ ગ્રુપ) **(2) ૧૬૮/૨૦૧૮૧૯-** સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ફેબ્રિકેશન ગ્રુપ) **(3) ૧૬૯/૨૦૧૮૧૯-** સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર ( **રેફ્રિજરેશન એન્ડ એર કંડીશનીંગ** ગ્રુપ) **(4) ૧૭૦/૨૦૧૮૧૯-** સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઇલેકટ્રીકલ ગ્રુપ), **(5) જા.ક્ર. ૧૭૨/૨૦૧૮૧૯-** સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (ઇન્સ્ટ્રુમેન્ટેશન ગ્રુપ), **(6) ૧૭૩/૨૦૧૮૧૯-** સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (સીવીલ કન્સ્ટ્રકશન એન્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર ગ્રુપ) **(7) ૧૭૪/૨૦૧૮૧૯**, સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (ઓટોમોબાઇલ ગ્રુપ) **(8) ૧૭૫/૨૦૧૮૧૯**, સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (કેમિકલ ગ્રુપ) **(9) ૧૭૭/૨૦૧૮૧૯-** સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર (કોમ્પ્યુટર ગ્રુપ), વર્ગ-૩ સંવર્ગોની પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી જુલાઇ-ઓગસ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૯ દરમ્યાન જુદી જુદી તારીખોએ યોજવામાં આવેલ હતી. ઉકત સ્પર્ધાત્મક લેખિત કસોટીને અંતે જે તે સંવર્ગમાં ભરવાની થતી જગ્યાઓના ત્રણ ગણા ઉમેદવારો ( ૪૦ % લઘુત્તમ લાયકી ગુણની મર્યાદામાં ઉપલબ્ધ ઉમેદવારો) ને સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૦૮/૨૦૧૮ ના ઠરાવની જોગવાઇ ધ્યાને લઇને બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે લાયક (કવોલીફાય) થયેલ ઉમેદવારોની સંવર્ગ-જાહેરાતવાર યાદી તા. ૨૫/૧૦/૨૦૧૯, તા. ૨૧/૧૨/૨૦૧૯, તા. ૨૪/૧૨/૨૦૧૯, તા. ૦૧/૦૧/૨૦૨૦, તા. ૦૮/૦૧/૨૦૨૦ અને ૨૯/૦૧/૨૦૨૦ ના રોજ પ્રસિદ્ધ કરીને મંડળની વેબસાઇટ પર મુકવામાં આવેલ હતી. અને તેવા ઉમેદવારોની બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ નવેમ્બર -૨૦૧૯ અને જાન્યુઆરી -૨૦૨૦ માં જુદી જુદી તારીખો દરમ્યાન યોજવામાં આવેલ હતી. તે પૈકી જા.ક્ર. ૧૭૩/૨૦૧૮૧૯ અને ૧૭૫/૨૦૧૮૧૯ ના સંવર્ગોમાં અસલ પ્રમાણાપત્રોની ચકાસણી માટેના સંભવિત ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરીને તેઓના અસલ પ્રમાણપત્રોની ચકાસણી પણ કરવામાં આવેલ હતી. તે દરમ્યાન સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૦૮/૨૦૧૮ ના ઠરાવની જોગવાઇ સંદર્ભે નામ. ગુજરાત હાઇકોર્ટમાં રીટ પીટીશન થતાં તે અન્વયે ઉકત સંવર્ગોની આગળની ભરતી પ્રક્રિયા સ્થગિત રાખવામાં આવેલ હતી.

નામ. ગુજરાત હાઇકોર્ટ દ્વારા ઉક્ત રીટ પીટીશનમાં તા. ૦૫/૦૮/૨૦૨૦ ના ચુકાદાથી સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૧/૦૮/૨૦૧૮ નો ઠરાવ રદ કરેલ છે. અને તે અન્વયે સામાન્ય વહીવટ વિભાગે પણ તા. ૦૨/૦૯/૨૦૨૦ ના ઠરાવથી તા. ૦૧/૦૮/૨૦૧૮ નો ઠરાવ રદ કરેલ છે. જે અનુસાર હવે સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૧/૦૮/૨૦૧૮ ના ઠરાવ પહેલાંના મહિલા અનામત બાબતેના જુદા જુદા ઠરાવોની જોગવાઇ અનુસાર ઉપર વર્ણવેલ તમામ સંવર્ગોમાં ઉમેદવારોએ આપેલ પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના પરિણામો રી-પ્રોસેસ કરવાના થાય છે. જે અનુસાર પરિણામો રી-પ્રોસેસ કરતાં દરેક સંવર્ગમાં વધારાના ઉમેદવારોનો સમાવેશ અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવેલ કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે લાયક (કવોલીફાય) ઉમેદવારોની યાદીમાં સમાવેશ કરવાનો થાય છે. તેવા ઉમેદવારોની સંવર્ગ - જાહેરાતવાર યાદી નીચે આપેલ લીન્ક ફાઇલ પર મૂકવામાં આવેલ છે. જે સંબંધિત ઉમેદવારોને જોઇ લેવા માટે આથી જણાવવામાં આવે છે.

૧. **જા.ક્ર. ૧૬૭/૨૦૧૮૧૯,** સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (મિકેનીકલ ગ્રુપ) **(અહીં ક્લિક કરો)**
૨. **જા.ક્ર. ૧૬૮/૨૦૧૮૧૯,** સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (ફેબ્રીકેશન ગ્રુપ) **(અહીં ક્લિક કરો)**
૩. **જા.ક્ર. ૧૬૯/૨૦૧૮૧૯,** સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (રેફ્રિજરેશન એન્ડ એર કંડીશનીંગ ગ્રુપ) **(અહીં ક્લિક કરો)**
૪. **જા.ક્ર. ૧૭૦/૨૦૧૮૧૯,** સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (ઇલેકટ્રીકલ ગ્રુપ) **(અહીં ક્લિક કરો)**
૫. **જા.ક્ર. ૧૭૨/૨૦૧૮૧૯,** સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (ઇન્સ્ટ્રુમેન્ટેશન ગ્રુપ) **(અહીં ક્લિક કરો)**
૬. **જા.ક્ર. ૧૭૩/૨૦૧૮૧૯,** સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (સીવીલ કન્સ્ટ્રકશન એન્ડ ઇન્ફ્રાસ્ટ્રકચર ગ્રુપ) **(અહીં ક્લિક કરો)**
૭. **જા.ક્ર. ૧૭૪/૨૦૧૮૧૯,** સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (ઓટોમોબાઇલ ગ્રુપ) **(અહીં ક્લિક કરો)**
૮. **જા.ક્ર. ૧૭૫/૨૦૧૮૧૯,** સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર (કેમિકલ ગ્રુપ) **(અહીં ક્લિક કરો)**
૯. **જા.ક્ર. ૧૭૭/૨૦૧૮૧૯,** સુપરવાઇઝર ઇન્સ્ટ્રકટર ( કોમ્પ્યુટર ગ્રુપ) **(અહીં ક્લિક કરો)**

નોંધઃ- **(i)** ઉપર ક્રમાંક ૧ થી ૮ સામે દર્શાવેલ લીંક પર મુકવામાં આવેલ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોની જ કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ લેવામાં આવશે.

**(ii)** ઉપર દર્શાવેલ ક્રમાંક ૯ સામે દર્શાવેલ જા.ક્ર. ૧૭૭/૨૦૧૮૧૯ માં કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે કવોલીફાય થયેલ ઉમેદવારોની અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવેલ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારો

તેમજ વધારાના ઉમેદવારોની યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારો સહિતના તમામ ઉમેદવારોની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ લેવામાં આવશે.

(૧) ઉકત સંવર્ગોની બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટેની તારીખ/કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

(૨) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી પરીક્ષાનું સ્થળ અને સમય તથા કોલ લેટર ડાઉનલોડ કરવા માટેનો વિગતવાર કાર્યક્રમ પરીક્ષાની તારીખના ૧૦ દિવસ પહેલાં મંડળની વેબસાઇટ https://gsssb.gujarat.gov.in પર મુકવામાં આવશે. જેની સંબંધિત દરેક ઉમેદવારોએ જરૂરી નોંધ લેવા તેમજ મંડળની વેબસાઇટ જોતા રહેવા આથી જણાવવામાં આવે છે.

## (૧) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટનો અભ્યાસક્રમ અને ગુણભાર

### (અ) જા.ક્ર. ૧૬૭/૨૦૧૮૧૯, ૧૬૮/૨૦૧૮૧૯, ૧૬૯/૨૦૧૮૧૯, ૧૭૦/૨૦૧૮૧૯, ૧૭૨/૨૦૧૮૧૯, ૧૭૩/૨૦૧૮૧૯, ૧૭૪/૨૦૧૮૧૯, ૧૭૫/૨૦૧૮૧૯, અને ૧૭૭/૨૦૧૮૧૯ માટે

| | | **સમય - ૧-૧૫ કલાક** |
|---|---|---|
| પ્રશ્ન ક્રમાંક | વિષયનું વિવરણ | ગુણ |
| ૧ | એકસેલ સ્પ્રેડશીટ | ૧૫ ગુણ |
| ૨ | ઈ-મેઇલ કરવા (વીથ ફાઇલ એટેચમેન્ટ) | ૧૫ ગુણ |
| 3 | પાવર પોઇન્ટ | ૧૫ ગુણ |
| ૪ | વર્ડ ટાઇપીંગ/ વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી) | ૩૦ ગુણ |
| | **કુલ ગુણ** | **૭૫ ગુણ** |

(૨) આ કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ ઓફિસ - ૨૦૧૩ ના વર્ઝન (Version) માં લેવામાં આવશે. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટમા ગુજરાતી ભાષા માટે ફોન્ટ શ્રુતી અને માઇક્રોસોફ્ટ ઈન્ડીક લેંગ્વેજ ઈનપુટ ટુલ ૩ રહેશે. આ સોફ્ટવેરમાં નીચે મુજબનાં આઠ (૮) કી-બોર્ડ ઉપલબ્ધ છે.

1. Gujarati Transliteration
2. Gujarati Typewriter
3. Gujarati Typewriter (G)
4. Gujarati Inscript
5. Godrej Indica
6. Remington Indica
7. Special Characters.
8. Gujarati Terafont

(૩) વર્ડ, એકસેલ, પાવરપોઇન્ટ અને આઉટલુક (ઈ-મેઈલ) ની પરીક્ષા સોફટવેર દ્વારા ખોલી આપવામાં આવેલ વર્ડ, એકસેલ, પાવરપોઇન્ટ અને આઉટલુક (ઈ-મેઈલ) માં જ આપવાની રહેશે. વર્ડ, એકસેલ, પાવરપોઇન્ટ અને આઉટલુક (ઈ-મેઈલ) પરીક્ષામાં ઉમેદવારે કોઈ ફાઈલ બનાવવાની રહેશે નહી. એ ફાઇલ સોફટવેર દ્વારા ઓટોમેટીક બનશે. જો કોઇ ઉમેદવાર પરીક્ષાના સોફટવેર સિવાય ફાઇલ ઓપન કરી લખશે તો ઉમેદવારનું પરીણામ માન્ય ગણાશે નહી.

(૪) ઉમેદવારને કી બોર્ડ, માઉસ, કોમ્પ્યુટર મંડળ તરફથી ઉપલબ્ધ કરવામાં આવશે. ઉમેદવારને પોતાનું કી બોર્ડ લાવવાની પરવાનગી આપવામાં આવશે નહીં. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી શરૂ થતાં પહેલા અને પરીક્ષા ખંડમાં પ્રવેશ્યા બાદ આપને ફાળવેલ કોમ્પ્યુટર કી બોર્ડ, માઉસ, કોમ્પ્યુટર બરાબર ચાલે છે તેની ખાત્રી કરી લેવાની રહેશે.


(૫) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી સમયે કોમ્પ્યુટરમાં કોઇ ટેકનીકલ ખામી જણાય તો ઉમેદવારે અન્ય ઉમેદવારને ખલેલ પહોંચાડયા વગર તેમજ પોતે કોઇ પગલાંઓ લીધા વગર પોતાનું સ્થાન જાળવી રાખીને (ઉભા થયા વગર) વર્ગ નિરીક્ષક ( ઇન્વીજીલેટર) ને જાણ કરવાની રહેશે.

(૬) કોમ્પ્યુટર પ્રોફિસયન્સી (કાર્યક્ષમતા) કસોટીનો સમયગાળો ૧-૧૫ કલાકનો રહેશે. ૧-૧૫ કલાક બાદ ટાઇપીંગ થવાનું આપોઆપ બંધ થઇ જશે. ૧-૧૫ કલાક પહેલાં જો ઉમેદવાર **Confirm / Accept** કરીને તેનું ટાઇપીંગ કામ સબમીટ કરી દેશે તો તેના પછી ટાઇપીંગ કામ થઇ શકશે નહીં.

(૭) પ્રશ્નપત્રની હાર્ડકોપીના પ્રશ્ન ક્રમાંક ૧ થી ૪ અંતર્ગત તેના જવાબ માં કરવામાં આવેલ ભૂલો જેવી કે, સ્પેલીંગ / જોડણીની ભૂલ, માર્જિન સેટીંગ, ફોન્ટ સાઇઝ, ટાઇપકામ ની ભૂલ બાબતે માર્કિંગ અંગે ની કપાત, મંડળના નિર્ણય અનુસાર કરવામાં આવશે.

(૮) આખરી પરિણામ, પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી તથા બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી એમ બંને કસોટીમાં ઉમેદવારે મેળવેલ સંયુકત ગુણના આધારે તૈયાર કરવામાં આવશે. કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટમાં ઉત્તીર્ણ થવા માટે લઘુત્તમ લાયકી ગુણ **(Minimum qualifying marks)** નું ધોરણ દરેક કેટેગરી ના ઉમેદવારો માટે ૪૦% (ચાલીસ ટકા) ગુણનું નિયત થયેલ છે.

(૯) કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટનું પરિણામ કોમ્યુટર પ્રોગ્રામીંગ આધારીત હોઇ, તેના રીચેકીંગ અંગેની અરજી ધ્યાને લેવામાં આવશે નહિં.



તા. ૦૯/૧૦/૨૦૨૦
સ્થળઃ- ગાંધીનગર

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
ગાંધીનગર